## સંગ્રામ ગુજરાતનો

# રાજ્યના ૫૧,૮૩૯ મતદાન મથક પૈકી ૧,૮૩૩ વિશેષ પોલીંગ સ્ટેશન : પી.ભારતી

### દિવ્યાંગ સંચાલિત મતદાન મથકો ઉપરાંત સખી અને યુવા મતદાન મથકો: મોડેલ બૂથ અને ઈકો ફ્રેન્ડલી પોલીંગ સ્ટેશનની પણ પહેલ રાજ્યમાં તમામ મતદાન મથકો ગ્રાઉન્ડ ફ્લોર પર


ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ને લઈને ચૂંટણીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. તમામ જરૂરી વ્યવસ્થાઓને સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. ભારતીય ચૂંટણી પંચે વિવિધ વર્ગોના મતદારોને પ્રેરિત તથા સુવિધા આપવા માટે અલગ-અલગ પ્રકારના વિશિષ્ટ મતદાન મથકો તૈયાર કર્યા છે. મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં તમામ મતદાન મથકો ગ્રાઉન્ડ ફ્લોર પર છે. એટલું જ નહીં, બંને તબક્કાના કુલ ૫૧,૮૩૯ મતદાન મથક પૈકી ૧,૮૩૩ પોલીંગ સ્ટેશનો વિશેષરૂપે તૈયાર કરાયા છે. રાજ્યભરમાં મહિલા કર્મચારીઓ સંચાલિત ૧,૨૫૬ સખી મતદાન મથકો હશે, દિવ્યાંગ કર્મચારીઓ સંચાલિત ૧૮૨ મતદાન મથકો હશે, યુવા કર્મચારીઓ દ્વારા ૩૩ પોલીંગ સ્ટેશનોનું સંચાલન થશે. આ ઉપરાંત, ચૂંટણી પંચ દ્વારા પર્યાવરણની જાળવણીને ધ્યાનમાં રાખીને રાજ્યના ૧૮૦ ઈકો ફ્રેન્ડલી પોલીંગ સ્ટેશન બનાવાશે, તેમજ ૧૮૨ મૉડેલ પોલીંગ સ્ટેશન ઊભા કરીને નવતર પહેલ કરવામાં આવી છે.

Inclusive Elections ના મુદ્દાને ધ્યાને રાખી સમાજના તમામ વર્ગોને ચૂંટણી પ્રક્રિયામાં સમાન તકો મળે તે હેતુથી વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમિયાન રાજ્યના કુલ-૧૮૨ મતદાન મથકો દિવ્યાંગ સંચાલિત હશે. જેમાં રાજ્યના પ્રત્યેક મતદાર વિભાગ દીઠ એક દિવ્યાંગ મતદાન મથક બનાવવામાં આવશે. આ મતદાન મથકોમાં પોલીંગ સ્ટાફ જેમ કે પ્રિસાઈડીંગ ઑફિસર તથા પોલીંગ ઓફિસર તરીકે દિવ્યાંગ અધિકારી/કર્મચારીઓની નિયુક્તિ કરવામાં આવશે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમિયાન મતદારોને શ્રેષ્ઠ સુવિધાઓ મળે. મતદારોને સરળ અને સુગમ ચૂંટણી પ્રક્રિયાનો અનુભવ પૂરો પાડવાના હેતુથી દરેક વિધાનસભા મતવિસ્તારમાં ઓછામાં ઓછા એક મતદાન મથકને 'આદર્શ મતદાન મથક' તરીકે સુશોભિત કરાશે. રાજ્યમાં પોલિંગ સ્ટાફ અને મતદાન એજન્ટોને બેસવા માટે યોગ્ય ફર્નિચરની સુવિધા યુક્ત ૧૮૨ આદર્શ મતદાન મથકની પસંદગી કરવામાં આવશે. મતદાન મથકોએ શેડ સાથેના વેઈટીંગ રૂમ, બેસવા માટે ખુરશીઓ, મતદાન મથક પર પહોંચવા અવરોધ રહિત માર્ગ, સાઈન બોર્ડ, પાર્કિંગ સુવિધા, પીવાના પાણીની સુવિધા, રેમ્પ, વ્હીલચેર તથા પુરૂષ, સ્ત્રીઓ, વરિષ્ઠ મતદારો અને દિવ્યાંગ મતદારો માટે અલગ લાઈન જેવી વ્યવસ્થાઓ ઉભી કરાશે.

ભારતીય ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આ વખતે નવતર પહેલ કરી છે. જેના ભાગરૂપે યુવા મતદારો મતદાન કરવા માટે પ્રેરાય તે હેતુથી દરેક જિલ્લામાં એક યુવા સંચાલિત મતદાન મથક બનાવવામાં આવ્યું છે. આ મતદાન મથકોમાં તમામ કર્મચારી-અધિકારી યુવા હશે. રાજ્યના તમામ જિલ્લા દીઠ એક મતદાન મથક યુવાઓ દ્વારા સંચાલિત મતદાન મથક હશે.

કચ્છ જિલ્લામાં ભુજ, બનાસકાંઠામાં પાલનપુર, પાટણમાં પાટણ, મહેસાણામાં ખેરાલુ, સાબરકાંઠામાં હિંમતનગર,



ગાંધીનગરમાં ગાંધીનગર, અમદાવાદમાં ઘાટલોડિયા, સુરેન્દ્રનગરમાં વઢવાણ, રાજકોટમાં રાજકોટ શહેર, જામનગરમાં જામનગર ઉત્તર, પોરબંદરમાં પોરબંદર, જૂનાગઢમાં જુનાગઢ, અમરેલીમાં અમરેલી, ભાવનગરમાં ભાવનગર પશ્ચિમ, આણંદમાં આણંદ, ખેડામાં મહેમદાબાદ, પંચમહાલમાં કાલોલ, દાહોદમાં દેવગઢ બારીયા, વડોદરામાં સયાજીગંજ, નર્મદામાં ડેડીયાપાડા, ભરૂચમાં ઝઘડિયા, સુરતમાં મજુરા, ડાંગમાં ડાંગ, નવસારીમાં જલાલપુર, વલસાડમાં કપરાડા, તાપીમાં નિઝર, અરવલ્લીમાં બાયડ, મોરબીમાં વાંકાનેર, દેવભૂમિ દ્વારકામાં ખંભાળિયા, ગીર સોમનાથમાં સોમનાથ, બોટાદમાં ગઢડા, મહીસાગરમાં લુણાવાડા અને છોટાઉદેપુરમાં છોટાઉદેપુર ખાતે યુવા મતદાન મથકોની રચના કરવામાં આવી છે.

---

### ત્રણ નવેમ્બરથી આચારસંહિતા અમલમાં છે

# રાજ્યમાં આચારસંહિતા ભંગના ૨૯,૮૪૪ કેસ

### દેશી-વિદેશી દારૂ સહિત ચીજ-વસ્તુઓ સાથે કુલ ૩૧,૧૯,૦૦,૯૯૯નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો

અમદાવાદ, તા.૨૫

ગુજરાત વિધાનસભા ચૂંટણી અંતર્ગત રાજ્યમાં ત્રીજી નવેમ્બરથી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. રાજ્યમાં પહેલી ડિસેમ્બરે પ્રથમ તબક્કાનું તો પાંચમી ડિસેમ્બરે બીજા તબક્કાનું મતદાન યોજાવાનું છે.

ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાયા તે હેતુસર કાયદો અને વ્યવસ્થા જાળવવા આદર્શ આચાર સંહિતા અમલમાં મુકાઈ છે અને આ આચાર સંહિતા ભંગ હેઠળ તા.૩ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધીમાં કુલ ૨૯,૮૪૪ કેસ કરાયા છે. આ કેસ અંતર્ગત કુલ ૨૪,૭૧૦ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ અન્વયે રાજયમાં આચાર સંહિતા અમલમાં આવ્યા બાદ ૨૯,૮૪૪ કેસો કરવામાં આવેલ છે, જેમાં ૨૪,૭૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે. ઉપરોક્ત કેસોમાં રૂપિયા ૨૪,૭૫,૬૫૦નો દેશી દારૂ, રૂ.૧૩,૨૬,૮૪,૨૧૬નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ (આઈએમએફએલ) તથા રૂપિયા ૧૪,૬૭,૪૧,૧૩૨ અન્ય ચીજ-વસ્તુઓ સાથે કુલ રૂપિયા ૩૧,૧૯,૦૦,૯૯૯નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

રાજ્યમાં ક્રિમિનલ પ્રોસિજર કોડ-૧૯૭૩ હેઠળ ૨,૬૦,૭૦૩ કેસો, ગુજરાત દારૂબંધી અધિનિયમ-૧૯૪૯ હેઠળ ૩૦,૦૫૧ કેસો, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ ૭૧ કેસો તથા પાસા એક્ટ-૧૯૮૫ હેઠળ ૩૨૯ કેસો, એમ વિવિધ કલમો હેઠળ કુલ ૨,૯૧,૧૫૪ લોકો અટકાયતી કાર્યવાહી કરાઈ છે. રાજ્યમાં કુલ ૫૫,૬૪૦ પરવાના ધરાવતા હથિયાર ધારકો પાસેથી ૫૧,૧૨૬ હથિયારો જમા લેવામાં આવ્યા છે તથા અન્ય બાકીના હથિયારો જમા લેવાની કામગીરી હાલમાં ચાલી રહી છે. રાજ્યમાં આર્મ્સ એક્ટ-૧૯૫૯ હેઠળ ૭૮ ગેરકાયદેસર હથિયાર તથા ૩૫૪ ગેરકાયદેસર દારૂગોળા તથા ૧૫૦ ગ્રામ વિસ્ફોટક પરાર્થ જમા કરવામાં આવેલ છે. રાજ્યમાં એનડીપીએસ એક્ટ-૧૯૮૫ હેઠળ કુલ ૩૯ કેસો નોંધી કુલ ૬૧,૯૨,૭૭,૩૦૯નો ૧૪૬૦.૯૮૯૫ કિ.ગ્રા.નો એનડીપીએસ પદાર્થ જપ્ત કરવામાં આવ્યો છે.

રાજ્યમાં હાલ ૧૪૦ આંતરરાજ્ય ચેક પોસ્ટ કાર્યરત છે. સ્ટેટિક સર્વેલન્સ ટીમો દ્વારા રૂપિયા ૫૫,૨૭૦નો આઈએમએફએલ, રૂ.૩૪૩૦નો દેશી દારૂ, રૂ.૧.૫૩,૦૦,૦૦૦ના ઘરેણાં, રૂ.૯૨,૮૪,૭૩૦ની રોકડ રકમ તથા રૂ.૧૪,૬૧,૭૦૦ની અન્ય ચીજ વસ્તુઓ સાથે કુલ રૂ. ૧,૬૮,૨૧,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

ફલાઈંગ સ્કવોડ્સ દ્વારા ૧૧,૨૪૨ રૂપિયાનો આઈએમએફએલ, રૂ.૫૦૦નો દેશી દારૂ, ૧,૪૧,૧૫,૯૪૦ રોકડ તથા ૮,૫૮,૦૦૦ રૂપિયાની અન્ય ચીજ વસ્તુઓ સાથે કુલ રૂપિયા ૧,૪૯,૮૫,૬૮૨નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસ દ્વારા ૩,૦૮,૭૧,૦૦૦ રોકડ, ૩,૫૪,૧૪,૨૩૭ રૂપિયાના ઘરેણાં, ૬૧,૯૨,૮૭,૧૯૯ રૂપિયાના એનડીપીએસ પદાર્થો તથા ૭૪,૩૩,૯૨૪ રૂપિયાની અન્ય ચીજ વસ્તુઓ સાથે કુલ રૂ. ૬૯,૩૦,૦૬,૩૬૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

---

### મોરબી દુર્ઘટના માટે હાઈકોર્ટએ તંત્રની ઝાટકણી કાઢી

# ટિકિટના ભાવને મહત્વ આપવા બદલ મોરબી પાલિકાને ઠપકો

### નગરપાલિકાએ બ્રિજમાંથી આવક ઊભી કરવા સત્તાધીશો અને કંપનીના કરારની વિગતો આપતી એફિડેવિટ કરી

અમદાવાદ, તા.૨૫

મોરબીની ગોઝારી દુર્ઘટનાને મુદ્દે ગુજરાત હાઈકોર્ટે ફરી એકવાર મોરબી નગરપાલિકાની ઝાટકણી કાઢી છે. સસ્પેન્શન બ્રિજની બિસ્માર હાલતને લઈને અંજતા મેન્યુફેક્ચરિંગ કંપનીએ આપેલી ચેતવણી સામે આંખ આડાકાન કરીને ટિકિટના ભાવને મહત્વ આપવા બદલ હાઈકોર્ટે મોરબી નગરપાલિકાને ઠપકો આપ્યો છે. હાઈકોર્ટના નિર્દેશોને આધારે નગરપાલિકાએ બ્રિજની જાળવણી, સંચાલન, નિયંત્રણ અને તેમાંથી આવક ઊભી કરવા સત્તાધીશો અને કંપની વચ્ચે થયેલા કરારની વિગતો આપતી એફિડેવિટ કરી હતી. જોકે, હાઈકોર્ટે નોંધ્યું કે, ૧૬ નવેમ્બરે માગેલી કેટલીક વિગતો એફિડેવિટમાં આપવામાં આવી નથી.

૨૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ નગરપાલિકાના ચીફ ઓફિસરને અજંતાએ લખેલો પત્ર હાઈકોર્ટે ટાંક્યો હતો. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, "સર, સસ્પેન્શન બ્રિજની હાલત ગંભીર હોવાથી અમે કામચલાઉ રિપેરિંગ હાથ ધરી રહ્યા છીએ એ વાતથી તમે અવગત છો.

કોઈપણ સમયે અકસ્માત થઈ શકે છે. અમે તમને વારંવાર આ અંગે રજૂઆત કરી છે પરંતુ કદાચ તે તમારા ધ્યાને નથી આવી." આ પત્રના જવાબમાં નગરપાલિકાએ કંપનીને કહ્યું હતું કે, તેઓ બ્રિજનું પઝેશન પાછું આપી દે અથવા તો ટિકિટના ભાવ વધારવાની માગ સ્વીકારી લે. આ મુદ્દે કોર્ટે કહ્યું, "પત્રના લખાણ પરથી સ્પષ્ટ થાય છે કે નગરપાલિકાએ બ્રિજની સ્થિતિ કરતાં વધુ ધ્યાન ટિકિટના ભાવ પર આપ્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો, ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ નગપાલિકાએ કંપનીએ બ્રિજની સ્થિતિ અંગે આપેલી ચેતવણીને ધ્યાને નહોતી લીધી."

બ્રિજના રિપેરિંગ કરતાં વધુ ધ્યાન કોન્ટ્રાક્ટ જાળવી રાખવામાં આપતાં કોર્ટે બંને પક્ષોની ટીકા કરી હતી. હાઈકોર્ટે વારંવાર નગરપાલિકાને સવાલ કર્યો કે, એગ્રીમેન્ટ ૨૦૧૭માં પૂરું થઈ ગયું હોવા છતાં પણ તેમને કંપનીને બ્રિજનું સંચાલન કરવાની પરવાનગી કેમ આપી?

કોર્ટને જણાવવામાં આવ્યું કે, કોઈએ પરવાનગી આપી નહોતી. કોર્ટમાં એમ પણ જણાવાયું કે, રિપેરિંગનું કામ કરાવવા માટે અજંતા પાસે સત્તા પણ નહોતી. કોર્ટ સમક્ષ કહેવામાં આવ્યું કે, બ્રિજ નગરપાલિકાની જવાબદારી છે અને ૨૦૦૮માં તેના મેનેજમેન્ટ માટે જિલ્લા કલેક્ટરે પહેલી સહી કરી હતી. જે બાદ હાઈકોર્ટે નગરપાલિકા અને રાજ્ય સરકાર બંને પાસેથી ૧૨ ડિસેમ્બર સુધીમાં જવાબ માગ્યો છે.

---

# તાલાલામાં ૩૦ વર્ષના ઈતિહાસમાં કોઈ સ્થાનિક ઉમેદવાર ચૂંટણી લડ્યો નથી

ગીર સોમનાથ,તા.૨૫

ગીર સોમનાથ જિલ્લાની તાલાલા વિધાનસભા બેઠક પાછલા ૩૦ વર્ષના રાજકીય ઈતિહાસને ધ્યાને રાખીને જોઈએ તો અહીંથી વિધાનસભા માટે સ્થાનિક ઉમેદવાર ભાજપ કે કોંગ્રેસ દ્વારા આપવામાં આવ્યો નથી. વધુમાં આ વર્ષે કોંગ્રેસમાંથી રાજીનામુ આપીને ભાજપમાં જોડાયેલા ભગવાનભાઈ બારડ ભાજપના સત્તાવાર ઉમેદવાર બન્યા છે. અને તાલાલા વિધાનસભા બેઠકના મતદારો સ્થાનિક ઉમેદવારને લઈને ચિંતા વ્યક્ત કરતા હતા ત્યારે આ વર્ષે ભાજપમાં આવેલા અને જેના પર પક્ષપલ્ટુનું લેબલ લાગેલું છે તેવા ભગવાનભાઈ બારડ ભાજપમાંથી ચૂંટણી લડી રહ્યા છે. તાલાલા મત વિસ્તારના મતદારો માટે સ્થાનિક ઉમેદવારોની સાથે હવે પક્ષ પલ્ટુઓ પણ ચિંતાનો વિષય બની રહ્યા છે. જોકે તાલાળા વિધાનસભા બેઠક પર શા કારણે સ્થાનિક ઉમેદવારને ટિકિટ ફાળવાયા નથી. તાલાળા તાલુકામાં સંગઠનની નબળાઈ સહિત કોઈ કદાવર નેતા ન હોવો અને આર્થિક રીતે સદ્ધરતા પણ ન હોવાનું સ્થાનિક મતદારો અને જાણકારો માની રહ્યા છે. જોકે સ્થાનિક ધારાસભ્ય ન હોવાથી તાલાળા તાલુકાના પ્રાણ પ્રશ્નો દાયકાઓ પછી આજે પણ જેમના તેમ જ છે. જેમાં ઈકોસેન્સટિવ ઝોન, કેસર કેરીને બાગાયતી પાક વીમામાં સમાવવો, તેમજ બંધ શુગર મિલ જેવા પ્રાણ પ્રશ્નો તાલાળાના મતદારો માટે માથાના દુ:ખાવા સમાન બન્યા છે.બીજી તરફ તાલાલા વિધાનસભાની રાજકીય પરિસ્થિતિ પર એક નજર નાખીએ તો અહીંથી વર્ષ ૨૦૦૭માં ભગવાનભાઈ બારડ ધારાસભ્ય હતા, અને ત્યાર બાદ યોજાયેલી વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં તેમના મોટાભાઈ જશુભાઈ બારડ ફરી એક વખત કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી જીતવામાં સફળ રહ્યા હતા. ત્યાર બાદ જશુભાઈ બારડનું નિધન થતાં વર્ષ ૨૦૧૬માં યોજાયેલી પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં ભાજપના ગોવિંદ પરમાર અને કોંગ્રેસના ભગવાનભાઈ બારડ વચ્ચે ચૂંટણી જંગ થયો હતો અને ભાજપના ગોવિંદભાઈ પરમારનો વિજય થયો હતો. ત્યાર બાદ વર્ષ ૨૦૧૭માં યોજાયેલ ચૂંટણીમાં ફરી એક વખત ગોવિંદ પરમાર અને ભગાભાઈ બારડ વચ્ચે ચૂંટણી જંગ થયો હતો. જેમાં કોંગ્રેસના ભગવાનભાઈ બારડનો વિજય થયો હતો.પાછલા બે દસકા કરતા વધુ સમયથી તાલાલા વિધાનસભા બેઠકના મતદારો તેમના સ્થાનિક ઉમેદવારો માટે મથી રહ્યા હતા ત્યારે મતદારો માટે વધુ એક વખત માઠા સમાચાર આવ્યા છે

---

### ક્ષણના ચણીબોર

● અનુસંધાન ચોથાનું ચાલુ...

હથિયાર તેના ઉપયોગની મર્યાદા ન જાળવી શકે તેવા લોકોના હાથમાં આવ્યું. હિરોશિમા હત્યાકાંડ અને પરમાણુ શસ્ત્રના ઉપયોગે જગતમાં એક અસાધારણ ભયજનક ચિત્ર ઉભું થયું. એક મૂળભૂત રીતે માનવતાવાદી આલ્બર્ટ હિરોશિમા (જાપાન) પરના હુમલાને વિસરી શક્યા નહિ. તે માટેની પોતાની નૈતિક જવાબદારીનો બોજ દિલમાં રાખીને તેઓ ૧૯૫૫માં ચિરશાંતિમાં પોઢી ગયા. વિજ્ઞાનના દુરુપયોગ સામે તેઓએ જીવનના છેલ્લા વર્ષોમાં જનજાગૃતિનું કાર્ય કર્યું. લગભગ આજ સમયગાળામાં અહિંસાનો સામાજિક સંદર્ભ મજબૂત કરવા માટે તેમજ બે કોમના ઈન્સાનો વચ્ચે ભાઈચારો કેળવવા ગાંધી આફ્રિકા અને ભારતમાં થાક્યા કે હાર્યા વિના કાર્ય કરતા રહ્યા. વિજ્ઞાન અને અહિંસાના સમન્વયની મહત્તા જગતને સમજાવવા ગાંધીજી જીવ્યા ત્યાં સુધી ઝઝૂમતા રહ્યા. આઈન્સ્ટાઈનને ઈઝરાયલના રાષ્ટ્રપ્રમુખ બનવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું. તેમણે સિફતથી તે આમંત્રણને પાછું ઠેલ્યું. સત્તા પરત્વેની અનાસક્તિએ મોહનદાસ તથા આલ્બર્ટ બંનેના જીવનમાં જોઈ શકાય છે. જગત જેમને કદી વીસરશે નહિ તેવા આ બંને દિગ્ગજ વ્યક્તિત્વ છે.

### ઓળખો.

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમે જીતશો તો ગાંધીનગર માટે શું કામ કરશો..

શહેરના યુવાનોને પુરતો અભ્યાસ કરીને પણ યોગ્ય નોકરી મળતી નથી શોષણ થાય છે. આઠ કલાકનુ કરી ૧૨ કલાક નોકરી કરવી પડે છે. આઉટસોર્સિંગના કામમાં શોષણ સિવાય કાંઈ થતુ નથી. પુરતો પગાર પણ મળતો નથી. કોંગ્રેસની સરકાર આવશે તો આ પ્રથા નાબુદ કરવામાં આવશે જયારે શાળામાં પણ તોતિંગ ફી વસુલવામાં આવે છે. નગરજનો પોતાના પાલ્યને સારી શાળામાં અભ્યાસ માટે મોકલી શકતા નથી. ફી ભરવી પોષાતી નથી. શહેરની સરકારી શાળાઓમાં અંગ્રેજી માધ્યમ નથી. જો કે પ્રાયમરી શાળાઓ પણ કોંગ્રેસે જ બનાવી છે. કોંગ્રેસ પક્ષે ૩ હજાર શાળાઓ બનાવવા વચન આપ્યુ છે. ગાંધીનગર શિક્ષણનુ હબ બન્યુ છે પરંતુ બેઈઝ તદન કોર્મશિયલ છે. આ બધી બાબતોમાં યોગ્ય સુધાર કરીશુ. શહેરમાં પાણી ગટર સહીત રસ્તાઓની યોગ્ય સુવિધા પણ પુરી પાડીશુ. તમારો વિજય થશે તેવુ તમે કેમ માનો છો હાલ મોંઘવારી ચરમસીમાએ છે. તેલ અને ગેસ સહીત બધી ચીજવસ્તુઓના ભાવ વધી ગયા છે. શાકભાજી પણ મોંધુ છે. આરોગ્ય સેવા પણ પોષાય તેમ નથી. એક અકસ્માત થાય તો પણ એક મધ્યમવર્ગના પરિવારના ત્રણ મહીનાનુ બજેટ ખોરવાઈ જાય છે. માં કાર્ડમાં પણ પુરતી સેવા મળતી નથી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ કરાયેલા ગામોમાં કોઈ માળખાગત સુવિધાઓ મળતી નથી. રાંધેજા અને વાવોલ સહીતના ગામોમાં સમસ્યા યથાવત છે. કોર્પોરેશનમાં ગામો ભળ્યા પણ શહેર સમકક્ષ સુવિધા મળતી નથી. આમ નાગરિકોના આ તમામ પ્રશ્નો અને મુંઝવણો દુર કરવા માટે કોંગ્રેસ કામ કરશે.મતદારો જંગી બહુમતીથી જીત અપાવશે

તમારા મતે જ્ઞાતિવાદ કેટલો અસરકારક છે. જ્ઞાતિવાદ ભાજપે જ ઉભો કર્યો છે. કોંગ્રેસનો તેમાં કોઈ રોલ નથી કોંગ્રેસ તમામ સમાજને સાથે લઈને ચાલે છે. અત્યાર સુધી દરેક સમાજના ભવન બનાવવા માટે કોંગ્રેસ સરકારે જમીન ફાળવી છે. જ્ઞાતિવાદને ભાજપે પ્રોત્સાહીત કર્યો છે.

### વ્હીલચેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

દહેગામમાં ત્રણ, ગાંધીનગર(દ)માં બે, ગાંધીનગર(ઉ)માં પાંચ, માણસામાં ૧૧ અને કલોલમાં એક PWD મતદાર પોસ્ટલ બેલેટથી મતદાન કરશે. આ સાથે જ તમામ વિધાનસભા વિસ્તારોમાં મૂક-બધિર મતદાતાઓ માટે સાઈન લેન્ગ્વેજના જાણકાર શિક્ષકોની નિમણૂક પણ કરવામાં આવી છે.

### માઇક્રો શોપિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

લાંબા સમયથી પડતર રહેવાના કારણે બિનઉપયોગી બની છે કંગાળ બનતી દુકાનો ફાળવવા માટે પણ યોગ્ય આયોજન થાય તેવી માંગ ઉઠવા પામી છે ગાંધીનગર શહેર વિસ્તારમાં નાના શ્રમજીવીઓને રોજગારી પુરી પાડવા માટે ૫૨૭ જેટલી નાની દુકાનો વિવિધ સેક્ટરમાં બાંધવામાં આવી છે અને પાંચ-સાત કે વધુ સંખ્યામાં વિવિધ સ્થળે બાંધવામાં આવેલી આ દુકોનાના સમૂહને માઈક્રો શોપિંગ તરીકે ઓળખ આપવામાં આવી છે. આ દુકાનોની માલિકી અને જાળવણીની જવાબદારી પાટનગર યોજનાની છે પરંતુ ફાળવણીનો મુદ્દો હજુ અદ્ધરતાલ છે

### પારો શૂન્યથી નીચે

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસના તાપમાનમાં સુધારો જોવા મળ્યો છે. અહીં રાત્રે ઠંડી પડે છે. લઘુત્તમ તાપમાન શ્રીનગરમાં માઈનસ ૦.૮, કાઝીકુંડમાં માઈનસ ૨.૦, પહેલગામમાં માઈનસ ૪.૪, કુપવાડામાં માઈનસ ૨.૪, કોકરનાગમાં માઈનસ ૧.૦ હતું. ગુલમર્ગમાં માઈનસ ૨.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

### 5G સેવા શરૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ સામેલ હતા. અમદાવાદના રોપડા ગામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં લોન્ચિંગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. મુખ્યમંત્રી ઉપરાંત રિલાયન્સ કંપનીના અધિકારીઓ, રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ભારતમાં ૫જી રોલ આઉટના પહેલા તબક્કામાં જે શહેરોને સામેલ કરાયો હતો તેમાં અમદાવાદ, નવીદિલ્હી, ગાંધીનગર, ગુરુગ્રામ, બેંગલુરુ, ચંડીગઢ, ચેન્નાઈ, હૈદરાબાદ, જામનગર, કોલકાતા, લખનઉ, મુંબઈ અને પુણે શહેરો સામેલ હતા. આ શહેરોમાં રહેતા લોકોને ૫જીના ફાયદા અનુભવવાની તક સૌથી પહેલા મળશે.

૫જી યૂઝ કરવા માટે તમારે નવા સિમ કાર્ડની હાલ જરૂર નહીં પડે. તમે તમારા જૂના સિમ પર જ નવી સેવા યૂઝ કરી શકશો. જો કે તે માટે તમારા ફોનમાં ૫જી સપોર્ટ હોવો જરૂરી છે. ૫જી સપોર્ટ ઉપરાંત તેમાં તે બેન્ડ્સ હોવા પણ જરૂરી છે જેના પર સર્વિસ ઉપલબ્ધ હશે. ભારતમાં લોન્ચ થયેલા અનેક મોબાઈલ ૫જી સ્પેક્ટ્રમ હરાજી પહેલાના છે. આવામાં તમારે ચેક કરી લેવું જોઈએ કે તમારા ફોનમાં કયા કયા બેન્ડ્સ મળે છે અને તમારા ઓપરેટર કયા બેન્ડ્સ પર સર્વિસ પ્રોવાઈડ કરશે.

### ભારતનો ૭ વિકેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખેલાડીઓએ ૩-૩ વિકેટ ઝડપી હતી, તો એડમે એક વિકેટ ઝડપી હતી.

ભારતીય ટીમ તરતફથી એક માત્ર ઉમરાન મલીકે બે વિકેટ ઝડપી હતી તો શાર્દુલ ઠાકુરે ૧ વિકેટ ઝડપી હતી. જ્યારે અન્ય બોલરો ન્યૂઝીલેન્ડની ટીમ સામે નિષ્ફળ રહ્યા હતા.

દરમિયાન ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ વન-ડે શ્રેણીની બીજી મેચ ૨૭મી નવેમ્બરે રવિવારે રમાશે. આ મેચ હેમિલ્ટનમાં રમાશે. આજની મેચમાં હાર સાથે જ ન્યુઝીલેન્ડની ટીમ શ્રેણીમાં ૧-૦થી આગળ થઈ ગયું છે. ભારતે શ્રેણી જીતવા માટે આગામી બંને મેચ જીતવી જરૂરી છે.

### એપલ કંપની

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેપ ઈ૧.૮૪૫ ટ્રિલિયન છે જ્યારે આલ્ફાબેટનું માર્કેટ કેપ ઈ૧.૨૭૭ ટ્રિલિયન છે. આ યાદીમાં ભારતના મોટા ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૨૧૩.૬૦ અબજ ડોલરની માર્કેટ કેપ સાથે વિશ્વની ટોચની કંપનીઓમાં ૪૦મા નંબરે છે. જોકે ભારતની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ છે. વિશ્વની ટોચની ૧૦૦ કંપનીઓમાં ૩ ભારતીય કંપનીઓ છે. આ યાદીમાં ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ ૭૨મા નંબરે અને ૐ઼ઢઌઝ બેંક ૯૩મા ક્રમે છે. ભારતની એક પણ કંપની અને એશિયાના સૌથી મોટા ઉદ્યોગપતિ ગૌતમ અદાણી ટોપ ૧૦૦માં સામેલ નથી. યુએસમાં સરેરાશ વાર્ષિક પગાર ઈ૭૪,૭૩૮ એટલે કે અઠવાડિયાના ઈ૧૪૩૩.૩૩ છે. એટલે કે, એપલની દર સેકન્ડની કમાણી ઈ૩૮૭ છે, અથવા યુએસ કામદારોની સાપ્તાહિક કમાણી કરતાં ૨૭.૦૧ ટકા વધુ છે. આલ્ફાબેટની પ્રતિ સેકન્ડ કમાણી ઈ૧૨૭૭ છે. ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સ પ્રતિ સેકન્ડ ઈ૯૨૪ કમાય છે.

### આમંત્રણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે દેશોને આમંત્રણ મોકલાયું છે તેમાં આ ઉત્તર આફ્રિકન દેશ પણ સામેલ છે. થોડા સમય પહેલા ભારતીય વિદેશમંત્રી એસ જયશંકર અને રક્ષામંત્રી રાજનાથ સિંહે પોતાની ઈજિપ્ત યાત્રા દરમિયાન રાષ્ટ્રપતિ અલ સિસી સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન વિદેશમંત્રી જયશંકરે તેમને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ખાસ સંદેશો પણ સોંપ્યો હતો.

આવું બીજીવાર બન્યું છે કે જ્યારે મોદી સરકાર તરફથી ગણતંત્ર દિવસ સમારોહ માટે કોઈ આફ્રિકન દેશના નેતાને આમંત્રણ અપાયું છે.

નોંધનીય છે કે ભારત આફ્રિકાની સાથે સંબંધ વધારવા માટે ઈચ્છુક રહ્યો છે.

### વિક્રમ સર્જ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પદ પર સૌથી વધુ પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી અને મનમોહનસિંહ રહેલા છે. વડાપ્રધાનના હોદ્દા પર જવાહલાલ નેહરુનો કાર્યકાળ સૌથી વધુ ૬૧૩૦, ઈન્દિરા ગાંધીનો કાર્યકાળ ૫૮૨૯ અને મનમોહનસિંહનો કાર્યકાળ ૩૬૫૬ દિવસનો છે. ઉલ્લેખનિય છે કે, વડાપ્રધાન મોદીના વર્તમાન કાર્યકાળ ૨૯ મે-૨૦૨૪ના રોજ સમાપ્ત થશે, જોકે ત્યાં સુધીમાં સૌથી વધુ વડાપ્રધાન પદ પર રહેવાના મામલે પૂર્વ પીએમમનમોહનસિંહને પાછળ છોડી દેશે. તો નેહરુ અને ઈન્દિરા ગાંધીથી આગળ નિકળવા માટે પીએમમોદીએ વર્ષ ૨૦૩૧ સુધી સત્તામાં રહેવું પડશે.

જોકે ઈન્દિરા ગાંધી અને મનમોહનસિંહની તુલનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજ સુધી કોઈ ચૂંટણી હાર્યા નથી. આ મામલે તેઓ ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુની બરાબરમાં છે, કારણ કે નેહરુ પણ ક્યારે ચૂંટણી હાર્યા ન હતા. ૧૯૭૭માં ઈન્દિરા ગાંધી લોકસભા ચૂંટણી હારી ગયા હતા. જ્યારે મનમોહનસિંહ ૧૯૯૯માં દક્ષિણ દિલ્હીમાંથી લોકસભા ચૂંટણી હાર્યા હતા. પરંતુ નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં તમામ વિધાનસભાની ચૂંટણીઓ અથવા પેટાચૂંટણીઓ જીતી અને ૨૦૧૪ અને ૨૦૧૯માં બે લોકસભા ચૂંટણી પણ જીતી હતી.

### ૨૦૨૨માં સ્થાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાન હિન્દુજા ગ્રૂપના કો-ચેરમેન ગોપીચંદ હિન્દુજાની પુત્રી રિતુ છાબરિયાને 'એશિયન રિચ લિસ્ટ ૨૦૨૨'ની એક નકલ અર્પણ કરી હતી. લેક્સ્ટરના ડચીના ચાન્સેલરે સભાને સંબોધી હતી. તેમણે કહ્યું હતું કે, આપણે જોઈએ છીએ કે દર વર્ષે બ્રિટિશ એશિયન સમુદાયનું કદ સતત વધતું જાય છે, જે વ્યક્તિગત રીતે મારા માટે આશ્ચર્યજનક નથી. મારા જીવનમાં પહેલીવાર મેં વાર એશિયાઈ સમુદાયની આકરે મહેનત, દ્રઢ સંકલ્પ, અને ઉદ્યમશીલતાને જોઈ છે. નિશ્ચિત રૂપે મારી નવી નોકરીમાં બ્રિટિશ એશિયન બોસ છે. જે મારા સારા મિત્ર છે. ઋષિ સુનક ઈન્વેસ્ટમેન્ટ બેંકરમાંથી રાજકારણી બન્યા. તેઓ ૨૧૦ વર્ષમાં સૌથી યુવા બ્રિટિશ વડાપ્રધાન છે અને બ્રિટનના પ્રથમ હિન્દુ વડાપ્રધાન પણ છે. આ વર્ષની એશિયન અમીરોની યાદીમાં બ્રિટનના ૧૬ અબજોપતિ છે, જે ગયા વર્ષ કરતાં એક વધુ છે. મોટાભાગના અબજોપતિઓની સંપત્તિ ગયા વર્ષની જેમ જ વધી છે યા તો યથાવત રહી છે.